બારડોલી નગરપાલિકાના ભાજપી ઉમેદવાર જાહેર

બારડોલી: બારડોલી પાલિકા, તા.પં. અને જિ. પં.ની પાંચ બેઠકની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવાનો છેલ્લો દિવસ હોવા છતાં રાજકીય પક્ષોમાં કોઈ હલચલ જોવા મળી રહી નથી. ભાજપ દ્વારા શુક્રવારે મોડી સાંજ સુધી ઉમેદવારોની યાદી જાહેર કરી હતી. જેમાં કહીં ખુશી કહીં ગમનો માહોલ છવાયો હતો.

વોર્ડ નંબર	સીટનો ક્રમાંક	ઉમેદવાર
1	1	યોગીતાબેન મિસ્ત્રી
	2	પાયલ શાહ
	3	જીજ્ઞેશભાઈ રાઠોડ
	4	કિશોરભાઈ પટેલ
2	1	ફાલ્ગુનીબેન ચૌધરી
	2	કોકિલાબેન દેસાઈ
	3	શૈલેષ રાઠોડ
	4	સારંગ પટેલ
3	1	ક્રિષ્નાબેન ચૌહાણ
	2	કેજલ વ્યાસ
	3	જેનીષ ભંડારી
	4	તેજલકુમાર પટેલ
4	1	સ્નેહલબેન પંચાલ
	2	અર્ચના પાટીલ
	3	ડો.ભાવિનકાંત ચૌધરી
	4	ચિન્ટુકુમાર પટેલ
5	1	સરોજબેન પટેલ
	2	બીનાબેન ભંડારી
	3	અમરસિંહ સોલંકી
	4	કુણાલ પંડ્યા
6	1	ભાવનાબેન પટેલ
	2	દીપિકાબેન ઢોડિયા
	3	દેવાંગ ભંડારી
	4	નદીમ મિસ્ત્રી
7	1	કામિનીબેન જોષી
	2	અંકિતા પટેલ
	3	વિપુલકુમાર મૈસુરિયા
	4	રાજેશ પટેલ
8	1	ઉમાબેન પ્રજાપતિ
	2	ભાર્ગવીબેન પટેલ
	3	ભરતભાઈ ભરવાડ
	4	મિનેષભાઈ પટેલ
9	1	કલ્પનાબેન પટેલ
	2	નીલમબેન વ્યાસ
	3	શૈલેષભાઈ ગામીત
	4	કાસમ પટેલ

બારડોલી તા.પંચાયતના ભાજપી ઉમેદવાર

સીટ	ઉમેદવાર
આફવા	દીપિકાબેન ઘોડિયા
અકોટી	ધનુબેન આહિર
અસ્તાન	નિલકંઠ રાઠોડ
બાબેન-૧	રીટાબેન પટેલ
બાબેન-૨	સુરેશભાઈ ગોસ્વામી
બાલ્દા	સોનાબેન ચૌધરી
કડોદ-૧	ધ્વનીકુમાર ભાવસાર
કડોદ-૨	જાગૃતિકુમારી હળપતિ
ખોજ	દીપિકાબેન હળપતિ
મઢી	મનોજભાઈ ચૌધરી
માણેકપોર	વૈશાલીબેન ચૌધરી
મોતા	હિતેશભાઈ રાઠોડ
નિઝર	અંજના રાઠોડ
સરભોણ	રાહુલકુમાર હળપતિ
સેજવાડ	સુશીલાબેન ચૌધરી
સુરાલી-૧	ધર્મેશભાઈ ચૌધરી
સુરાલી-૨	રૂપાબેન ચૌધરી
તેન	હંસાબેન રાઠોડ
વઢવાણીયા	અનિલભાઈ પટેલ
વડોલી	હેમંતસિંહ બારડ
વાંકાનેર	કૌશિકભાઈ હળપતિ
વરાડ	મયુરભાઈ રાઠોડ

મહુવા તાલુકા પંચાયતના ભાજપી ઉમેદવાર

સીટ	ઉમેદવાર
દેદવાસણ	દક્ષાબેન પટેલ
ધોળીકુઈ	સોનલબેન પટેલ
ડુંગરી	ભાવિનકુમાર ચૌધરી
ફૂલવાડી	દેવેન્દ્રભાઈ પટેલ
કાની	સતીષભાઈ હળપતિ
કરચેલીયા-૧	હસમુખ પટેલ
કરચેલીયા-૨	નિલેશ પટેલ
ખરવાણ	કલ્પાબેન પટેલ
મહુવા-૧	ક્રિષ્ણાબેન ચૌહાણ
મહુવા-૨	રાકેશભાઈ પટેલ
મુદત	રક્ષાબેન ચૌધરી
નળધરા	કૌશિકાબેન ચૌધરી
ઓંડચ	વિનોદભાઈ નાયકા
શેખપુર	જયશ્રીબેન પટેલ
તરસાડી	દિનેશભાઈ પાનવાલા
વાઘેશ્વર	વર્ષાબેન પટેલ

ભરૂચ જિલ્લામાં 4 નગરપાલિકામાં 71 ઉમેદવારે ફોર્મ ભર્યાં

ભરૂચઃ ભરૂચ જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. ભરૂચ જિલ્લાની 4 નગરપાલિકાની વાત કરીએ તો શુક્રવારે કુલ 71 ફોર્મ ભરાયાં છે, જેમાં અંકલેશ્વર નગરપાલિકા ખાતે 21 નામાંકનપત્ર, જંબુસર નગરપાલિકા ખાતે 15 નામાંકનપત્ર, ભરૂચ નગરપાલિકા ખાતે 15 અને આમોદ નગરપાલિકા ખાતે 20 બેઠક પર ફોર્મ ભરવામાં આવ્યાં છે. તો જિલ્લા પંચાયતની બેઠક પર શુક્રવારે કુલ 34 ઉમેદવારે ફોર્મ ભર્યાં હતાં. ઉપરાંત જિલ્લાની વિવિધ તાલુકા પંચાયતની કુલ 182 બેઠક પૈકી 165 જેટલી બેઠક પર પણ નામાંકન ફોર્મ ભરાયાં હતાં. તાલુકા પંચાયતોમાં આમોદ ખાતે 23, વાગરા ખાતે 19, જંબુસર ખાતે 26, નેત્રંગ ખાતે 18, ઝઘડિયા ખાતે 11, ભરૂચમાં 30, વાલિયામાં 15, અંકલેશ્વરમાં 21 અને હાંસોટ તાલુકામાં 2 બેઠક પર ઉમેદવારી પત્રો રજૂ કરવામાં આવ્યાં છે. આમ, નગરપાલિકાની 71 અને પંચાયતોની 185 બેઠક મળી શુક્રવારના એક જ દિવસમાં કુલ 270 જેટલાં ફોર્મ ભરાયાં છે.

વ્યારાના નીરવ અદર્યુએ કોંગ્રેસનો હાથ છોડ્યો, ભાજપમાં જોડાતાં જ ટિકિટ!

તાપી જિ.પં.ની 26 ને 8 તા.પં.ની 134 બેઠક માટે ભાજપી ઉમેદવાર જાહેર

મોહિની અને ગડત સીટ પર ભાજપના ઉમેદવાર ઋષિ ગામીત, હાલના જિલ્લા પંચાયત પ્રમુખ જાલમસિંહ વસાવા રિપીટ

વ્યારાઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ગતરોજ તાપીની વ્યારા નગર પાલિકા સહિત જિલ્લા અને તાલુકા પંચાયતની તમામ બેઠકો પર ચૂંટણી લડવા માટે ભાજપના ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર કરવામાં આવી હતી. જેમાં વ્યારા પાલિકામાં કુલ 7 વોર્ડમાં 28 બેઠક તેમજ જિલ્લા પંચાયતની 26 અને 8 તાલુકા પંચાયતની કુલ 134 બેઠક માટે ભાજપના ઉમેદવારોની યાદી જાહેર કરાઈ હતી. જિલ્લા પંચાયતની 26 સીટ પૈકી ગડત અને મોહિની સિવાયની અન્ય તમામ સીટ પર નવા ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી. જેને લઈને જિલ્લા ભાજપનાં જૂના જોગીઓ સહિત રહી ગયેલા ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોમાં નારાજગી વ્યાપી ગઈ હતી. તાપીમાં વ્યારા પાલિકાના રાજકારણમાં ઉલટફેર જોવા મળ્યો હતો. ગતરોજ વ્યારા શહેર કોંગ્રેસના જાણીતા નેતા નીરવ અદર્યુ કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા હતા. જેને કોંગ્રેસ છોડતાની સાથે જ ભાજપમાંથી ટિકિટ ફાળવી દેવામાં આવતાં ભાજપ સહિત કોંગ્રેસનાં આંતરિક વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો હતો. વ્યારા પાલિકામાં કુલ 7 વોર્ડની 28 સીટ પર પાંચ ઉમેદવારને રીપીટ કરવામાં આવ્યા હતા. જ્યારે અન્ય સીટો પર નવા ઉમેદવારોને તક આપવામાં આવી છે. તેમજ પક્ષપલટો કરતાની સાથે જ તરત નેતા નીરવ અદર્યુને ભાજપે વોર્ડ નં.1માં ટિકિટ આપી દીધી છે. ત્યારે વ્યારા નગર ભાજપનાં પાયાના કાર્યકરોમાં અસંતોષ સાથે અંદરોઅંદર રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં તાપી જિલ્લાની વ્યારા પાલિકાની ચૂંટણી રસપ્રદ બની રહેશે.

વ્યારા નગરપાલિકા ભાજપ ઉમેદવારોની યાદી

વોર્ડ નંબર 1
ભારતીજગતાપ
શ્વેતા ગામીત
અનિલ ગામીત
નિરવ અદર્યુ
વોર્ડ નંબર 2
અમિતા ટેલર
માધવી જોષી
આશીષ ગામીત
ચેતન પારેખ
વોર્ડ નંબર 3
ડો.પ્રિયા પટેલ
નિલાબેન પંડ્યા
અનિલ ચૌધરી
ડો.સિદ્ધાર્થ લુહાર
વોર્ડ નંબર 4
પારૂબેન ગામીત
રીના પટેલ
ગુંજન ઢીમ્મર
કલ્પેશ ઢોડિયા
વોર્ડ નંબર 5
નિમિષા ચૌધરી
દ્રષ્ટિ અલમોલા
અનિલ શિરસાળે
દિલીપ જાદવ
વોર્ડ નંબર 6
સેજલ રાણા
દિક્ષીબેન શાહ
રાકેશ ચૌધરી
તેજસ પંચાલ
વોર્ડ નંબર 7
ધ્રુતીબેન ગામીત
મીનાબેન પાટીલ
જયેશ રાઠોડ
વિપુલ બથવાર

વ્યારા તાલુકા પંચાયત ભાજપ ઉમેદવારોની યાદી

બાલપુર	રેખા ચૌધરી
બેડકુવાદૂર	છીતુ ચૌધરી
બોરખડી	નજીસ ગામીત
ચાંપાવાડી	સંધ્યા પટેલ
ઘાટ	રાધા ગામીત
ડોલારા	તનુજા ગામીત
ઘાટા	જયા ચૌધરી
ઝાંખરી	મારકી ગામીત
કાનપુરા	નચિકેત ગામીત
કપુરા	રોહિત ચૌધરી
કરંજવેલ	રેખા ગામીત
કસવાવ	ધવલ ચૌધરી
કટાસવાણ	અર્જુન ગામીત
કેળકુઈ	મૂકેશ ચૌધરી
ખુશાલપુરા	ગીતા ગામીત
મગરકુઈ	હંસા ગામીત
પાનવાડી	સ્નેહા માહ્યાવંશી
તાડકૂવા	દિલીપ ગામીત
ઉંચામાળા	1 ધર્મેશ ચૌધરી
ઉંચામાળા	2 અજીત ચૌધરી

તાપી જિલ્લા પંચાયત સીટ ભાજપ ઉમેદવારોની યાદી

આમલગુંડી	દીપિકા ગામીત
બોરખડી	ભાવિશા ચૌધરી
બુહારી	ચંચળ ચૌધરી
ઘજાંબા	વિનોદ ચૌધરી
ડોલવણ	ઉષા કોંકણી
ડોસવાડા	મંગાભાઈ ગામીત
ફૂલવાડી	કલ્પના સાળવે
ગડત	ઋષિ ગામીત
ગુણસદા	અશોક ગામીત
કાનપુરા	અનિલાબેન ગામીત
કરંજવેલ	રાહુલ ગામીત
કેળકુઈ	રેખા ગામીત
મોહિની	જાલમસિંહ વસાવા
મોરંબા	શર્મિલા પાડવી
નિઝર	પ્રેમિલા કોળી
પાટી	જીતેન્દ્ર ગામીત
રાણીઆંબા	જયરામ ગામીત
સાતકાશી	ગેંઘા વસાવા
સાલે	પ્રવિણ વસાવા
ટોકરવા (સેગુપાડા)	લીલાબેન ગામીત
ઉચ્છલ	રવિલાબેન ગામીત
ઉંચામાળા	શૈલેષ ચૌધરી
વડપાડાનેસુ	માંસુદા નાઈક
વાલોડ	અતુલ પટેલ
કમાલછોડ	જાહેર થયેલ નથી
ગડત	જાહેર થયેલ નથી

ઉચ્છલ તાલુકા પંચાયત ભાજપ ઉમેદવારોની યાદી

આનંદપુર	માયાબેન ગામીત
ભડભૂંજા	રસિક ગામીત
ભીંતબુદ્રક	તાયુબેન ગામીત
ચીખલી	અમિતાબેન ગામીત
કરોડ	સંદિપ પાટીલ
કટાસવાણ	અલકા ગામીત
ખાબદા	જાગૃતિ વળવી
મીરકોટ	વિરલ ગામીત
મોગરાણ	સરસ્વતી વસાવા
મોહિની 1	રાજેશ સાયમોદરે
મોહિની 2	દિનેશ વસાવા
પાટીબંધારા	ઈકેશ વસાવા
સેવટી	વંદના વળવી
ઉચ્છલ	નિલેશ ઢોડિયા
વડપાડા નેસુ	સંદિપ વળવી

ડોલવણ તાલુકા પંચાયત ભાજપ ઉમેદવારોની યાદી

અંતાપુર	જગદીશ ગામીત
બામણામાળ દુર	પિનલ ગામીત
બહેડારાયપુરા	નિર્મળા ચૌધરી
બેડચીત	અજીત ગામીત
ચુનાવાડી	નિતાબેન ચૌધરી
ડોલવણ	હિતેશ ચૌધરી
ગડત	રાજેશ ગામીત
કાકડવા	દક્ષા ગામીત
કલકવા	કિરણ પટેલ
કરંજખેડ	તારાબેન પટેલ
પાટી	રમેશ આર્ય
પીપલવાડા	મનીષા ગામીત
પીઠદરા	હરેશ ગામીત
તકીઆંબા	સુરેખા ચૌધરી
ઉમરવાવ દૂર	કલાવતી ચૌધરી
ઉમરવાવ નજીક	ભાનુમતી ચૌધરી

ભાજપના સંગઠન મંત્રીના પતિની અપક્ષ ઉમેદવારી

ભરૂચ: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ વચ્ચે અંકલેશ્વર નગરપાલિકામાં રાજકીય તાપમાન વધી ગયું છે. રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની યાદી જાહેર કરતાં જ ટિકિટ વિતરણને લઈને અસંતોષના સૂર સંભળાવા લાગ્યા છે. ત્યારે ભરૂચ જિલ્લા ભાજપના સંગઠન મંત્રીના પતિએ અપક્ષ ઉમેદવારી નોંધાવતાં જોરદાર ખળભળાટ મચી ગયો છે. ભરૂચ ભાજપના સંગઠન મંત્રી નયનાબેન વકીલના પતિ નીતિન વકીલે અંકલેશ્વર નગરપાલિકાના વોર્ડ નંબર-1માં અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. ગત ચૂંટણીમાં ભાજપના ટિકિટ પરથી જીતેલા નીતિન વકીલે આ વખતે પાર્ટીએ ટિકિટ ન આપતાં અપક્ષ લડત જાહેર કરી છે. નીતિન વકીલ ઉપરાંત પ્રવીણ મોદી, જાગૃતિ આંદાવાલા અને યોગીતા પટેલે પણ ઉમેદવારી નોંધાવી છે.

કામરેજ તા. પંચાયતના ભાજપી ઉમેદવારોની યાદી

બેઠક	ઉમેદવાર
આંબોલી	નિલેશભાઈ દેસાઈ
ડુંગરા	સીમાબેન પટેલ
ઘલા	અમિતાબેન પટેલ
હલધરુ	હરેશભાઈ પ્રજાપતિ
જોખા	જીનલબેન પટેલ
કામરેજ-૧	સુમનબેન રાઠોડ
કામરેજ-૨	નાનુભાઈ રાઠોડ
ખોલવડ-૧	ગીતાબેન રાઠોડ
ખોલવડ-૨	અરૂણાબેન વસાવા
કોસમાડા	રાગીણીબેન દેસાઈ
નવાગામ-૧	કૌશલકુમાર પટેલ
નવાગામ-૨	કલાબેન રાઠોડ
નવી પારડી	સોનમબેન પટેલ
સેવણી	વિશાલકુમાર દેસાઈ
શામપુરા	જીતેન્દ્રભાઈ રાઠોડ
શેખપુર	કિશોરભાઈ દૂધાત
ઉંભેળ	જશકુમાર પટેલ
વાવ	કિશોરભાઈ માહ્યાવંશી
વિહાણ	હિરેનકુમાર પટેલ

સુરત જિલ્લા પંચાયતના ભાજપના ઉમેદવારોની યાદી

સીટનું નામ	ઉમેદવારનું નામ
અનાવલ	રમીલાબેન પટેલ
અરેઠ	દર્શનાબેન ગામીત
બાબેન	નિલાબેન પટેલ
દેવગઢ	ગીતાબેન પટેલ
ધાણાવડ	સુધિરકુમાર નકુમ
ઘંટોલી	નીરવ લાડ
ગોદાવાડી	નિમિષાબેન રાઠોડ
હજીરા	નર્મદાબેન પગેલ
ઝંખવાવ	ઉમેદભાઈ ચૌધરી
કડોદ	જ્યોતિબેન ચૌધરી
કામરેજ	મહેશભાઈ સોલંકી
કરચેલિયા	હિનાબેન પટેલ
કારેલી	અરવિંદભાઈ રાઠોડ
ખોલવડ	સમીરભાઈ મોદી
કીમ	અનુબેન દેસાઈ
કોસંબા	અનિતાબેન વસાવા
લાજપોર	હાર્દિક પટેલ
મહુવા	હેમંતકુમાર પટેલ
માંગરોળ	નવીનભાઈ વસાવા
મોર	ભાવનાબેન પટેલ
મોરા	ધર્મિષ્ઠાબેન પટેલ
નાની નરોલી	અંકિતાબેન ગામીત
નવાગામ	ભૂમિકાબેન પટેલ
ઓલપાડ	કિરણકુમાર પટેલ
પલસાણા	તેજસકુમાર દેસાઈ
પિંજરત	હેમંતભાઈ પટેલ
પીપોદરા	નસીમાખાતુન પઠાણ
સાયણ	બ્રિજેશ પટેલ
સુરાલી	અરુણાબેન ચૌધરી
તડકેશ્વર	આદિત્ય વસાવા
ઉંભેળ	બિરેનકુમાર રાઠોડ
વાડી	સુનિતાબેન વસાવા
વલવાડા	હર્ષદભાઈ પટેલ
વાંકાનેર	ધર્મેશભાઈ રાઠોડ
વરાડ	નૈષધકુમાર રાઠોડ
વરેલી	રેખાબેન રાઠોડ

ઉમરપાડા તાલુકા પંચાયતના ભાજપી ઉમેદવાર

સીટ	ઉમેદવાર
બલાલકૂવા	મેનાબેન વસાવા
બિલવણ	શીતલભાઈ વસાવા
ચવડા	સીતાબેન વસાવા
ઘાણાવડ	ઘરમશીવસાવા
કેવડી	સુરેશસોલંકી
મોટી દેવરૂપણ	કાંતિલાલ વસાવા
નસારપુર	ક્રિષ્ણા વસાવા
ઉંઘીગવાણ	કરમસિંગ વસાવા
સરવણ ફોકડી	મંજુલા વસાવા
સટવણ	ઈશ્વરવસાવા
ઉમરગોટ	ઇનાબેન વસાવા
ઉમરઝર	મનીષાબેન વસાવા
ઉમરખાડી	મંજુલાબેન વસાવા
ઉચવણ	પ્રકાશભાઈ વસાવા
વડગામ	અમરસિંગભાઈ વસાવા
વાડી	સપનાબેન વસાવા

માંડવી નગરપાલિકાના ભાજપ ઉમેદવાર

વોર્ડ	સીટ	ઉમેદવાર
1	1	લીલાબેન ચૌધરી
1	2	સ્મિતાબેન પાટીલ
1	3	વિજયભાઈ પટેલ
1	4	દિલીપકુમાર પટેલ
2	1	ધરતીબેન ગામીત
2	2	અલ્કાબેન લોઢા
2	3	મિતેશભાઈ રાઠોડ
2	4	સુનિલભાઈ રબારી
3	1	સોનિયાબેન કાપડીયા
3	2	પિનાલીબેન ઉપાધ્યાય
3	3	અંકિતકુમાર ચૌધરી
3	4	પ્રવિણસિંહ અટોદરીયા
4	1	અમીષાબેન રાઠોડ
4	2	શાહિનબાનુ રાવત
4	3	યાસીન મુલતાની
4	4	દર્શનસિંહ પરમાર
5	1	રીતાબેન રાઠોડ
5	2	મનિષાબેન પાટીલ
5	3	જયભાઈ રાઠોડ
5	4	આનંદભાઈ શાહ
6	1	ભાવનાબેન પંચાલ
6	2	પીન્ટુબેન પટેલ
6	3	યોગેશભાઈ ચૌધરી
6	4	સુધીરકુમાર સિંધવ

માંડવી તા.પંચાયતના ભાજપી ઉમેદવાર

સીટ	ઉમેદવાર
અમલસાડી	રમીલાબેન ચૌધરી
દઠવાડા	શારદાબેન વસાવા
દેવગઢ	વિજયભાઈ ચૌધરી
ઘંટોલી	મયુરભાઈ ચૌધરી
ગોદાવાડી	બીનલબેન પટેલ
ગોડધા	બિંદુબેન ચૌધરી
કાકરાપાર	ડો.સ્નેહા વસાવા
કમલાપોર	ભાવિકાબેન રાઠોડ
ખરોલી	જતીનકુમાર ચૌધરી
કીમડુંગરા	સીતાબેન ચૌધરી
લુહારવડ	સુમિત્રાબેન વસાવા
માલધા	નયનાબેન ચૌધરી
મોટીચેર	દિનેશભાઈ ચૌધરી
પુના	વિજયભાઈ મહ્યાવંશી
રતનીયા	રાજેશભાઈ ગામીત
સાલૈયા	કમલેશભાઈ ચૌધરી
સઠવાવ	રિતેશભાઈ ચૌધરી
વરેઠ	કમલેશભાઈ ચૌધરી

અરેઠ તા. પંચાયતની સીટ અને ભાજપના ઉમેદવારો

બેઠક	ઉમેદવાર
અરેઠ	રાકેશભાઈ ચૌધરી
બૌધાન-૧	અનિતાબેન લાડ
બૌધાન-૨	સુનિલભાઈ વસાવા
બોરીગાલા	મહેશભાઈ ચૌધરી
કરવલી	પુષ્પાબેન ચૌધરી
ખોડાંબા	અરૂણાબેન ગામીત
નરેણ	રક્ષાબેન ચૌધરી
નૌગામા	મુકેશભાઈ ચૌધરી
પાતલ	સંજનાબેન ચૌધરી
તડકેશ્વર-૧	સંજય પટેલ
તડકેશ્વર-૨	ગંગા માહ્યાવંશી
તડકેશ્વર-3	જાગૃતીબેન પટેલ
તડકેશ્વર-૪	નવીનચંદ્ર પટેલ
ટુકેદ	મનીષાબેન ગામીત
ઉટેવા	બળવંતભાઈ વસાવા
વેગી	ધીરુભાઈ ચૌધરી

પલસાણા તા. પંચાયતની બેઠકો અને ભાજપી ઉમેદવારો

સીટ	ઉમેદવાર
અંભેટી	સુરેશભાઈ નાયકા
અંત્રોલી	મિતાલીબેન પટેલ
બગુમરા	અશ્વિનીકુમારી વાંસિયા
બલેશ્વર-1	અફ્રોજીબાનુ પઠાણ
બલેશ્વર-2	ધર્મેશભાઈ રાઠોડ
એના	બીપીનભાઈ પરમાર
કરાળા	જીતેન્દ્રભાઈ મિસ્ત્રી
કારેલી	હેમંતભાઈ પટેલ
લીંગડ	ગીરીશભાઈ પટેલ
મલેકપોર	ફાલ્ગુનીબેન રાઠોડ
પલસાણા-1	ગાયત્રીબેન રાઠોડ
પલસાણા-2	બીનલકુમારી આહીર
તાંતીથૈયા	પુષ્પાબેન હળપતિ
વણેસા	મુકેશભાઈ રાઠોડ
વરેલી-1	નેહા હળપતિ
વરેલી-2	ડો. મુકેશસિંહ રાણા

દેવું ચૂકવવા લોન લીધી, માતાએ ઘરેણાં વેચ્યાં, દીકરો PSI બન્યો

ઉકાઈના લીંબી ગામના આદિવાસી યુવાન મહેન્દ્ર વસાવાની સિદ્ધિ

સુરતઃ કહેવાય છે કે 'અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી', આ ઉક્તિને ઉકાઈના લીંબી ગામના એક આદિવાસી યુવાને સાર્થક કરી બતાવી છે. આર્થિક તંગી, માથે દેવું અને રહેવા માટે પાકા ઘરના અભાવ વચ્ચે પણ મહેન્દ્ર વસાવાએ હિંમત હાર્યા વગર વર્ષ-2025ની PSIની પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાં 402મો ક્રમ મેળવીને ઈતિહાસ રચ્યો છે.

મહેન્દ્રભાઈની આ સફર કાંટાવાળી રહી છે. વર્ષ-2020માં મિકેનિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ પૂરો કર્યો ત્યારે પરિવાર પર 55,000નું દેવું હતું. ખેતી માટે જમીન નહોતી અને રહેવા માટે ઘરની હાલત પણ ખરાબ હતી. દીકરાને ભણાવીને અધિકારી બનાવવાની જીદમાં માતાએ પોતાના સોનાનાં ઘરેણાં વેચી દીધાં, જેથી મહેન્દ્ર ગાંધીનગર જઈને તૈયારી કરી શકે.

ગાંધીનગરમાં શરૂઆતી નિષ્ફળતાઓ મળી, પરંતુ મહેન્દ્ર વસાવાએ હાર ન માની. પહેલા તેઓ પોલીસ કોન્સ્ટેબલ તરીકે પસંદ થયા અને હાલ સુરતના કામરેજમાં ટ્રેનિંગ લઈ રહ્યા છે. જો કે, તેમનું લક્ષ્ય મોટું હતું. કોન્સ્ટેબલની ફરજ અને ટ્રેનિંગની સાથે જ તેમણે PSIની મહેનત ચાલુ રાખી અને આખરે પ્રિલિમ તેમજ મેન્સ પરીક્ષા પાસ કરી આજે PSIના ગૌરવવંતા પદ સુધી પહોંચ્યા છે. આજે લીંબી ગામ અને સમગ્ર તાપી જિલ્લામાં મહેન્દ્રની આ સફળતાના ગુણગાન ગવાઈ રહ્યા છે. તેમની આ સંઘર્ષ ગાથાએ તમામ યુવાનો માટે એક મજબૂત ઉદાહરણ છે. જેઓ સંસાધનોના અભાવે હાર માની લેતા હોય છે. હાલ તેવો ઓર્ડર મળ્યાની રાહ જોઈ રહ્યા છે. ટૂંક સમયમાં જ મહેન્દ્ર વસાવા PSI તરીકેનો ઓર્ડર મેળવી રાજ્યની સેવામાં હાજર થશે.

કામરેજના ૨૦ મહિનાના કર્ણે ૧૭૦થી વધુ ચિત્રો ઓળખી રેકોર્ડ સર્જ્યો

કર્ણ પરમારનું ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં નામ નોંધાયું



વિશાલ પટેલ

કામરેજઃ કામરેજ ગામમાં રહેતા એક ૨૦ માસના બાળકે પોતાની અદભૂત સ્મરણશક્તિના જોરે નાની ઉંમરે મોટી સિદ્ધિ હાંસલ કરી છે. કેનાલ રોડ પર આવેલા શગુન લીવીનો એપાર્ટમેન્ટમાં રહેતા મિથુનભાઈ પરમારના પુત્ર કર્ણ પરમારે વિવિધ વિષયોના ૧૭૦થી વધુ ચિત્રને પળવારમાં ઓળખી બતાવીને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં પોતાનું નામ નોંધાવ્યું છે.

માત્ર ૨૦ મહિનાની ઉંમરે કર્ણ પ્રાણીઓ, પક્ષીઓ, ફળો, શાકભાજી, વાહનો તેમજ અંગ્રેજી અક્ષરમાળા સહિતનાં ચિત્રોને અચૂક રીતે ઓળખી કાઢે છે. આ અનોખી પ્રતિભાને પગલે તેને રાષ્ટ્રીય કક્ષાનું સન્માન મળ્યું છે, જે સમગ્ર કામરેજ વિસ્તાર માટે ગૌરવની વાત બની છે.

અણીતા-ઉમરાછી યુ ટર્ન પર બે કાર ભટકાઈ, યુવાનને ઈજા

કિરણ ઢોડિયા

એક કાર ડિવાઇડર પર ચઢી, બીજી કાર કાંસમાં ખાબકી

કીમઃ ઓલપાડ તાલુકામાં રાજ્ય ધોરી માર્ગ પર વધુ એક ગંભીર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. અણીતા અને ઉમરાછી ગામ વચ્ચે આવેલા યુ ટર્ન પાસે બે કાર વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનાને પગલે રસ્તા પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને આસપાસના લોકો મદદ માટે તાત્કાલિક દોડી આવ્યા હતા. મળતી માહિતી મુજબ કાર નં.(GJ0 5 RS 8285)નો ચાલક વડોલી ગામથી કીમ તરફ આવી રહ્યો હતો. દરમિયાન કાર નં.(GJ 16 DP 9358)નો ચાલક અણીતા તરફથી વડોલી તરફ જતા માર્ગ પરથી યુ ટર્ન લઈ રહ્યો હતો. દરમિયાન બંને કાર એકબીજા સાથે ધડાકાભેર ભટકાઈ હતી. અથડામણ એટલી જોરદાર હતી કે એક કાર રસ્તાના ડિવાઈડર પર ચડી ગઈ હતી. જ્યારે બીજી કાર રસ્તાની બાજુમાં આવેલા ખેતર નજીક કાસમાં ખાબકી ગઈ હતી. અકસ્માતમાં બંને કારમાં સવાર લોકોને ઈજા પહોંચી હતી. ખાસ કરીને બલેનો કારમાં સવાર કોસંબા ગામના ૧૯ વર્ષીય યુવાન કુણાલ મુકેશભાઈ વસાવાને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.

અકસ્માત બાદ તેમને તાત્કાલિક કીમની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. બાદ તેમની હાલત ગંભીર હોવાના કારણે વધુ સારવાર માટે સુરતની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. બીજી કારમાં સવાર એક વ્યક્તિને પણ ઈજાઓ પહોંચી હતી.

અકસ્માતની જાણ થતાં આસપાસના લોકો અને રાહદારીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ઈજાગ્રસ્તોને બચાવ કામગીરી હાથ ધરી હતી. આ અકસ્માતને પગલે થોડા સમય માટે ટ્રાફિક વ્યવહાર પણ ખોરવાયો હતો. સ્થાનિક લોકો દ્વારા યુટર્ન નજીક સુરક્ષા વ્યવસ્થા વધારવાની માંગ ઊઠી રહી છે. ઘટનાની જાણ થતાં કીમ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને વધુ તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વરના યુવાન સાથે કેનેડાના વિઝાના નામે ઠગાઈ

ભરૂચ, અંકલેશ્વરઃ મૂળ ડેડિયાપાડાના કાબરી પઠાર અને હાલ અંકલેશ્વરની નિત્યાનંદ હોસ્પિટલમાં એકાઉન્ટ વિભાગમાં ફરજ બજાવતા નિકુલભાઈ નારસિંગભાઈ વસાવાને ધંધા અર્થે કેનેડા જવાની ઈચ્છા હતી. વર્ષ-2019માં હોસ્પિટલમાં સારવાર માટે આવતાં એક પરિચિત યાકુબભાઈ વાડીવાલાને તેમણે વાત કરી હતી. આથી યાકુબભાઈએ કહ્યું હતું કે, મારો ભાણેજ ફારૂકભાઈ મુસાભાઈ દુધાત (રહે.,બારડોલી) વિઝાનું કામ કરે છે એમ કહ્યું હતું. આરોપી ફારૂકે પોતાની 'ફ્લાયસ્પોટ ટૂર એન્ડ ટ્રાવેલ્સ' નામની એજન્સી હોવાનું જણાવી રૂ.6 લાખમાં કેનેડાના વિઝા કરી આપવાની ખાતરી આપી હતી. નિકુલભાઈએ વિશ્વાસ મૂકી પોતાનો અસલ પાસપોર્ટ અને દસ્તાવેજો આરોપીને સોંપ્યા હતા. ત્યારબાદ 24 માર્ચ-2019થી જૂન-2024 દરમિયાન વિઝા પ્રોસેસિંગ, દિલ્હી-મુંબઈના ધક્કા અને ટિકિટના ખર્ચના બહાને આરોપીએ કટકે-કટકે ઓનલાઈન ગૂગલ પે તથા રોકડ સ્વરૂપે કુલ રૂ.5,40,000 મેળવી લીધા હતા. લાંબો સમય વીતવા છતાં વિઝા ન મળતાં નિકુલભાઈએ નાણાં પરત માંગ્યા હતા, જેના બદલામાં આરોપીએ આપેલો રૂ.50,000નો ચેક પણ બેંકમાં બાઉન્સ થયો હતો.

ભોગ બનનાર જ્યારે આરોપીની બારડોલી સ્થિત ઓફિસે તપાસ કરવા ગયા ત્યારે ઓફિસ બંધ મળી આવી હતી. આથી યાકુબભાઈ સાથે વાત કરતાં તેમણે કહ્યું હતું કે, મારો ભાણેજ ફારૂક હાલ દક્ષિણ આફ્રિકા જતો રહ્યો છે. જે ટૂંક સમયમાં તમારા ઘરે આવવાનો છે. ત્યારે તમારા પૈસા હું ફારૂક પાસેથી અપાવી દઈશ. આથી જે-તે વખતે પોલીસને અરજી આપી ન હતી. જો કે, છેતરપિંડી થઈ હોવાનું સમજાતાં નિકુલભાઈએ અંકલેશ્વર શહેર 'એ' ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar The Revenge
11:00am, 12:00pm, 01:00pm, 03:30pm, 04:30pm, 05:15pm, 08:00pm, 09:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333

જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૩૯/૨૦૨૬
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૧૦/૪/૨૦૨૬

વાદીઃ કંથારીયા અશોકભાઈ મગનભાઈ, રહે. ૩૩૯, ચાલીસ ગાળા, દસ્તાન, તા.પલસાણા, જી.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : મામલતદારશ્રી પલસાણા તા.પલસાણા, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી કંથારીયા અશોકભાઈ મગનભાઈ, રહે. ૩૩૯, ચાલીસ ગાળા, દસ્તાન, તા.પલસાણા, જી.સુરતના દાદા ભુલાભાઈ રવાભાઈ માહ્યાવંશીનું મરણ તા.23/05/1960 ના રોજ પલસાણા, તા.પલસાણા, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા. ૧૨/૦૫/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

મહેરબાન બારડોલીના પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ.પો.બારડોલી, તા. બારડોલી. જી. સુરત.

ફો.પ.અ.નં.૮૮/૨૦૨૬

અરજદાર :- સ્નેહા ભરતકુમાર મિસ્ત્રી તે પિયુષકુમારના પત્નિ. આંક-

વિરૂધ્ધ

સામાવાળા :- પ્રિન્સીપાલ સાહેબશ્રી, બી.એ.બી.એસ.હાઇસ્કૂલ, બારડોલી, તા.બારડોલી, જી.સુરત.

જાહેર નોટીશ

આથી આ જાહેર નોટીશ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારની એલ.સી.માં જન્મ તારીખમાં ૨૭-૯-૧૯૮૮ લખાયેલ છે જે ખોટી હોય તેના બદલે જન્મ તારીખમાં ૨૪-૯-૧૯૮૮ મુજબનો સુધારો કરવા હાલની અરજી અત્રેની કોર્ટમાં આપેલ છે.

સદરહું અરજીની સુનાવણી તા.૨૬-૫-૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે રાખવામાં આવેલ છે. જે કોઇ ઇસમ તથા સરકારી, અર્ધ સરકારી, પેઢી, મંડળી, વ્યક્તિ, કંપની, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી વિરૂધ્ધ વાંધો હોય તો જાતે અગર યોગ્ય માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક હાજરે રહેવા નોંધ લેશો. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તારીખ ૭ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર	હુકમથી (જે.એલ. પટેલ)
આસિસ્ટન્ટ, સિવિલ કોર્ટ, બારડોલી	સુપ્રિટેન્ડન્ટ, સિવિલ કોર્ટ, બારડોલી	રજીસ્ટ્રાર, સિવિલ કોર્ટ, બારડોલી